# Medicaid ફેરફારો આવી રહ્યા છે. શું તમે તૈયાર છો?

## *શું બદલાઈ રહ્યું છે અને ક્યારે?*

| "લાયક ઇમિગ્રન્ટ્સ" માટે પાત્રતા | ઓક્ટોબર 2026થી અસરકારક |
|---|---|
| **"લાયક ઇમિગ્રન્ટ્સ"ની ફેડરલ વ્યાખ્યા ટૂંક સમયમાં બદલાશે જેમાં ઘણા અગાઉ પાત્ર, કાયદેસર રીતે હાજર બિન-નાગરિકોને Medicaid કવરેજમાંથી બાકાત રાખવામાં આવશે.** | **આ પુખ્ત ગ્રૂપ હવે પાત્ર રહેશે નહીં:**<br>▪ શરણાર્થીઓ અને આશ્રય મેળવનારાઓ<br>▪ ઘરેલું હિંસા અથવા માનવ તસ્કરીના પીડિતો<br>**આ ગ્રૂપ હજી પણ પાત્ર રહેશે:**<br>▪ 19 વર્ષથી ઓછી ઉંમરના બાળકો<br>▪ ગર્ભવતી મહિલાઓ<br>▪ ગ્રીન કાર્ડ ધારકો, 5+ વર્ષથી U.S.માં રહેતા<br>▪ ક્યુબન અને હૈતીયન ઇમિગ્રન્ટ્સ<br>▪ કોમ્પેક્ટ ઓફ ફ્રી એસોસિએશન (Compact of Free Association, COFA) અંતર્ગત આવતા સ્થળાંતર કરનારાઓ |
| **કાર્યની આવશ્યકતાઓ અને વધેલા નવીકરણ (પુનઃનિર્ધારણ)** | **1 જાન્યુઆરી, 2027થી અસરકારક** |
| **પોષણક્ષમ સંભાળ અધિનિયમ (Affordable Care Act, ACA) (જેને "ACA એડલ્ટ્સ" તરીકે પણ ઓળખવામાં આવે છે) હેઠળ Medicaid વિસ્તરણને કારણે આરોગ્ય કવરેજ માટે પાત્રતા ધરાવતા વ્યક્તિઓ નવી પાત્રતા આવશ્યકતાઓને આધીન રહેશે.**<br><br>**"ACA એડલ્ટ્સ" એવા વ્યક્તિઓ છે જેઓ:**<br>▪ 19થી 64 વર્ષની વયના છે<br>▪ Medicare મેળવતા નથી, અને<br>▪ તેમની સાથે રહેતું 18 વર્ષ કે તેથી ઓછી ઉંમરનું કોઈ આશ્રિત બાળક નથી | **પાત્રતા જાળવવા માટે, "ACA એડલ્ટ" Medicaid નોંધણી કરનારાઓએ:**<br>▪ દર 6 મહિને કવરેજનું નવીનીકરણ કરવું આવશ્યક છે (જેને 'રીડિટરમિનેશન' તરીકે પણ ઓળખવામાં આવે છે)<br>▪ દર મહિને 80 કલાક કામ, શાળા અથવા સ્વયંસેવા કરવાનું દર્શાવવું આવશ્યક છે<br><br>**કેટલીક વ્યક્તિઓ છૂટ માટે પાત્ર હોઈ શકે છે.**<br><br>**સપ્ટેમ્બર 2026માં ઇલિનોઇસ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થકેર એન્ડ ફેમિલી સર્વિસીસ (Illinois Department of Healthcare and Family Services, HFS) તરફથી આવતી વિગતો** |

## *શું તમારી પાસે Medicaid છે? હવે તમે શું કરી શકો તે અહીં છે:*

1. **નોંધણી ચાલુ રાખો.** પ્રથમ પાત્રતામાં ફેરફાર ઓક્ટોબર સુધી લાગુ પડતા નથી. તમારા કવરેજનું નવીનીકરણ કરો અને અત્યારે તમને જરૂરી સંભાળ મેળવો.
2. **જોડાયેલા રહો.** તમારું સરનામું અને ફોન નંબર ઇલિનોઇસ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થકેર એન્ડ ફેમિલી સર્વિસીસ (HFS) સાથે અપ-ટૂ-ડેટ રાખો. જો તમારે તમારું Medicaid ચાલુ રાખવા માટે કંઈક નવું કરવાનું હશે, તો HFS તમને જાણ કરશે.
3. **માહિતગાર રહો.** HFS, તમારી આરોગ્ય યોજના અને ડૉક્ટરની ઓફિસ તરફથી Medicaidના ફેરફારો વિશેની માહિતી પર નજર રાખો. સોશિયલ મીડિયા પર તેમને ફોલો કરો અને ન્યૂઝલેટર માટે સાઇન અપ કરો. વધુ માહિતી માટે GetMedicaidFacts.com ની મુલાકાત લો.